# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.

## સૌર ઊર્જા સંચાલીત હોમ લાઇટ સીસ્ટમ ઉપલબ્ધ કરવાની યોજના
## ૨૦૧૬-૧૭ હેઠળ અરજીઓ સ્વીકારવા બાબત

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના છુટા છવાયા વીજળીકરણથી વંચિત વિસ્તારો જેવા કે ટાપુ ઉપર, વન વિસ્તાર અથવા દૂર સુદુર વિસ્તારમાં સોલર પી.વી.સીસ્ટમ દ્વારા વીજળીની સુવિધા પુરી પાડવા માટે આ યોજના જાહેર કરેલ છે. આ યોજના હેઠળ જે લાભાર્થીઓ અરજી કરવા ઈચ્છતા હોય તેઓની અરજીઓ સબંધિત વીજ કંપનીની સ્થાનિક કચેરીએ તા. ૦૨-૫-૨૦૧૬ થી ૩૧-૭-૨૦૧૬ સુધી સ્વીકારવામાં આવશે, જેના ધારા ધોરણો નીચે મુજબ છે.

૧. અરજદાર નીચે જણાવેલ વિસ્તારમાં રહેતો હોવો જોઇએ.
   ટાપુ વિસ્તાર અથવા વન વિસ્તાર અથવા દુર્ગમ્ વિસ્તાર અથવા છૂટા છવાયા રહેણાંકો જેવાકે નેસ અથવા ખેતી વિષયક જમીનમાં ઝૂંપડાઓ જેમાં વીજ જોડાણ નથી.

૨. અરજદારે અરજી સાથે નોંધણીં ફી રૂ.૪૦/-(નોન રીફંડેબલ) ભરવાના રહેશે. અથવા જે અરજદારે અગાઉ રહેણાક જોડાણ માટે અરજી નોંધાયેલ હશે, તેમણે નોંધણી ફી ભરાયેલ રસીદની નકલ આપવાની રહેશે.

૩. જે જગ્યામાં સોલર હોમ લાઇટ સીસ્ટમ લેવા માગતા હોય તે જગ્યાના રહેણાંકનો પુરાવો આપવાનો રહેશે.

૪. બીપીએલ અને અનુ.જાતિ /જનજાતિ સિવાયના લાભાર્થીઓએ સોલર હોમ લાઇટ સીસ્ટમના અંદાજીત ખર્ચના ૧૦ ટકા એટલે રૂપિયા ૪૫૦૦/- ચૂકવવાના રહેશે.

૫. બીપીએલ અને અનુ.જાતિ / જનજાતિ લાભાર્થીઓએ કોઇ ફાળો આપવાનો રહેશે નહી. આ અંગે જાતિનો પુરાવો આપવાનો રહેશે.

૬. સોલર હોમ લાઇટ સીસ્ટમની માલીકી લાભાર્થીની રહેશે.

૭. વીજ વિતરણ કંપનીઓ ધ્વારા કોઇ બીલીંગ કરવામા નહી આવે.

૮. લાભાર્થી પોતાના પરિસરમાંથી સોલર હોમ લાઇટ સીસ્ટમ અન્ય સ્થળે ફેરવી શકશે નહી.

૯. સોલર હોમ લાઇટ સીસ્ટમની સંપૂર્ણ જવાબદારી લાભાર્થીની રહેશે.

૧૦.સૌર ઉર્જા આધારિત હોમ લાઇટ સીસ્ટમમા નીચે જણાવેલ સાધનો હશે.
   ૧) સોલર ફોટો વોલ્ટીક પેનલ- ૪૦૦ વોટસ, ૨) બેટરી- ૧૨ વોલ્ટ,૧૫૦ એએચ-૧ નંગ
   ૩) સફેદ LED બલ્બ ૮ વોટસના- ૦૫ નંગ , ૪) ડીસી પંખો ૨૪ વોટસ- ૦૧ નંગ, ૫) પોઇન્ટ – ૧ નંગ (મોબાઇલ ચાર્જર્ માટે ), ૬) ૩૦વોટસ પ્લગ- ૦૧ નંગ (નાના ટીવી માટે)

૧૧. સોલર હોમલાઈટ સીસ્ટમની આગામી ૫ (પાંચ) વર્ષ સુધી મેઈનટેનન્સ (જાળવણી) નક્કી કરેલ સપ્લાયર દ્વારા કરી આપવામાં આવશે.

ઉપરોક્ત ધારા ધોરણો અનવ્યે જે લાભાર્થીને ઉપરના માપદંડ લાગુ પડ઼તા હોય અને જે સૌર ઊર્જા સંચાલીત હોમ લાઇટ સીસ્ટમ લેવા ઇચ્છતા હોઇ તે લાભાર્થીએ જે તે વીજ કંપનીની સ્થાનિક કચેરીમાં ઉપર દર્શાવેલ તારીખ સુધીમાં સાદા કાગળમાં સુવાચ્ય અક્ષરે અરજી કરવાની રહેશે, જેનો નમુનો આ સાથે બીડેલ છે, અને તેની સાથે રૂા.૪૦ (ચાલીસ પૂરા) ભરવાના રહેશે, અરજી સાથે રહેણાંકનો પુરાવો આપવાનો રહેશે. જે અરજદાર અગાઉ રહેણાક જોડાણ માટે અરજી નોંધાયેલ હશે તે આ યોજના હેઠળ તબદીલ કરી શકાશે.

ગુ.ઉ.વિ.નિ.લી અને તેની સંલગ્ન વીજ વિતરણ કંપનીઓ

<u>અરજીનો નમૂનો</u>

અરજદારનું નામ ................
સરનામું: ........................
ગામ ............ તાલુકો .......
જિલ્લો : ..........
તા. ..........

પ્રતિ,
નાયબ ઈજનેરશ્રી
...........વીજ વિતરણ કંપની લી.
............... પેટા વિભાગીય કચેરી,

<u>વિષય : **સૌર ઊર્જા સંચાલીત હોમ લાઇટ સીસ્ટમ**</u> <u>**મેળવવા બાબતની યોજના ૨૦૧૬-૧૭**</u>

ઉપરોકત વિષય અંગે જણાવવાનું કે, મારે સૌર ઊર્જા સંચાલીત હોમ લાઇટ સીસ્ટમ લેવાની ઈચ્છા છે અને તે માટે સદર યોજના હેઠળ નિયમો મે જાણ્યા અને સમજયા છે એ માટે હું સંમતિ આપું છું. યોજના હેઠળ હું જે રહેણાંકમાં સૌર ઊર્જા સંચાલીત હોમ લાઇટ સીસ્ટમ લેવા માંગુ છું તે રહેણાંકના જરૂરી અદ્યતન પુરાવા આ સાથે જોડેલ છે. અગાઉ મેં કોઈ પણ યોજના હેઠળ વીજ જોડાણ મેળવેલ નથી.

આ યોજના અંગેના ધારા-ધોરણો મેં વાંચેલ છે અને મને સ્વીકાર્ય છે. આ સાથે અરજીની નોંધણી માટેના રૂા. ૪૦/- (નોન રીફંડેબલ) ભરપાઈ કરુ છું/ મેં રહેણાક હેતુ વીજ જોડાણ લેવા માટે તા.......... ના રોજ આપની કચેરીમાં રસીદ નંબર........ થી અરજી નોંધાવેલ છે તેની નકલ આ સાથે સામેલ છે, મારી અગાઉની અરજી સામે મને હવે આ યોજના હેઠળ સોલાર હોમ લાઈટ સીસ્ટમ આપવા વિંનતી છે. જે માટે હું સંમતી આપું છુ. યોજના અંગેની વીજ કંપનીની તમામ શરતો મને માન્ય છે.

સાથે સાથે હું પરંપરાગત વીજ જોડાણની માગણી નહિ કરવાની બાહેધરી આપું છુ,

આપનો વિશ્વાસુ,

બીડાણ : ઉપર મુજબ

(અરજદારની સહી)